## જન્મદિને વધામણી



કૃષ્ણકાંત જાદવ
મો. ૭૮૭૪૯ ૩૭૪૭૩



છાયા જે ઘેડીયા
મો. ૮૦૦૦૭ ૭૯૨૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય જિમ્નાસ્ટીક્સની સ્પર્ધામાં ઝળકી



સુરત ખાતે આયોજિત રાજ્યકક્ષાની જિમ્નાસ્ટીક્સ સ્પર્ધામાં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅક્ટર-૩૦ના ધોરણ-૭ના વિદ્યાર્થી અભિમન્યુ પટેલે રોમન રીંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સ્કૂલનું ગૌરવ વધાર્યું હતું. કાબેલ ખેલાડી એવા આ વિદ્યાર્થીએ રોમન રીંગમાં ગોલ્ડ મેડલ અને ઓલરાઉન્ડરમાં બ્રોન્ઝ મેડલ મેળવીને ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઉલ્લેખનીય છે કે શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય છેલ્લાં ત્રણ વર્ષથી આ સ્પર્ધામાં વિજેતા બને છે. વિદ્યાલયની ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, શોભનાબા તથા આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, રોટરી ક્લબ ઓફ કેપિટલના પ્રમુખ અરવિંદ રાણાએ વિજેતા વિદ્યાર્થી તથા તેને તાલીમ આપનાર કોચ પ્રતિ અભિનંદનની લાગણી પ્રગટ કરી છે.

# સૅક્ટર-૫ની પ્રેરણા વિદ્યાલયના બે વિદ્યાર્થી રાષ્ટ્રકક્ષાની જિમ્નાસ્ટીક્સ સ્પર્ધા માટે પસંદ



ગુજરાત રાજ્ય દ્વારા અન્ડર-૧૯ જીમ્નાસ્ટીક્સ સ્પર્ધા તા. ૨૦-૨૧ નવેમ્બરના રોજ સુરત ખાતે યોજવામાં આવી હતી, જેમાં સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયના બે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાલયના વિદ્યાર્થી સુજીત દૂધનાથ પટેલે જીમ્નાસ્ટીકની રીંગ અને હામેલ હોર્સ ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો તથા વિદ્યાર્થીની ચુંકાદેવી બાબુલાલ કુમાવતે ટેબલ વોલ્ટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. બંને વિદ્યાર્થીઓ રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે પણ પસંદગી પામ્યા છે.

વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રીએ બંને વિદ્યાર્થીઓને બિરદાવી શાળા પરિવાર વતી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

## ડાયરેક્ટ ❤ સે

યાદ રાખો
આત્મા અમર છે
શરીર તો ફરતું રહે છે
ક્યારેક
ઍસબીઆઈની લાઈનમાં
તો ક્યારેક
પીઍનબીની લાઈનમાં!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોર્સ-૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(હિન્દી, ૩ડી)
૪.૦૦, ૯.૪૫
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(અંગ્રેજી, ૩ડી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૫**
ફોર્સ-૨
૧૦.૦૦
તુમ બિન-૨
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

### ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે

# ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર્સ માટે પ્રશિક્ષણ

ગાંધીનગર, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થાના વડા ડૉ. અરૂણભાઈ ગાંધીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યની વિવિધ ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ કોલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઓફિસર્સ માટે પ્રશિક્ષણ યોજવામાં આવ્યું હતું.




કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના વડા તથા ઍનઍસઍસ તાલીમ વિભાગના કાર્યક્રમ સંયોજક પ્રવીણભાઈ દુલેરાએ સૌનું સ્વાગત કર્યું હતું અને તાલીમાર્થીઓ સમક્ષ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના, હેતુઓ, કાર્યો, પ્રવૃત્તિઓ તેમજ તાલીમ સંદર્ભની માહિતી વિસ્તારથી રજૂ કરી હતી.

તાલીમના પ્રથમ સૅશનમાં જનપત સંસ્થા તેમજ સામાજિક કાર્યો સાથે જોડાયેલા હરણીશભાઈ પંડ્યાએ માહિતી અધિકાર કાયદો-૨૦૧૫ અંગે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. બીજા સૅશનમાં ઍનઍસઍસ, ગુજરાતના રિજનલ ડિરેક્ટર ડૉ. કમલ કુમાર કરને આવકારી રાજ્ય એકમની વિવિધ સિદ્ધિઓ અંગે માહિતી ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. પરેશ મોરધરાએ આપી હતી. ડૉ. કમલે ઍનઍસઍસની ભૂમિકા, કામગીરી તથા બજેટની ફાળવણી અંગેની માહિતી આપી તાલીમાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# રઘુવીરભાઈ ચૌધરીનું મહેસાણામાં અભિવાદન

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરીનું અભિવાદન કરવા માટેનો એક કાર્યક્રમ મહેસાણા ખાતે યોજાઈ રહ્યો છે.



વિશ્વગ્રામના સંજય ભાવસારે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે મહેસાણા-પાટણ-ગાંધીનગર જિલ્લા સર્વોદય મંડળ તથા શૈક્ષણિક અને સેવા સંસ્થાઓના ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમ આગામી તારીખ ૨૭ નવેમ્બર ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે દૂધ સાગર ડેરી હૉલ ખાતે યોજાઈ રહ્યો છે.

આ પ્રસંગે અતિથિ તરીકે ખ્યાત ગાંધી વિચારક અને પત્રકાર કુમાર પ્રશાંત તથા સાહિત્યકાર રતિલાલ બોરીસાગર ઉપસ્થિત રહેશે.

રઘુવીરભાઈ ચૌધરી લિખિત, સંપાદિત અને સર્જિત ૧૫૦થી વધુ પુસ્તકોનું પ્રદર્શન તથા ૩૦ ટકા વિશેષ વળતર સાથે વેચાણનું આયોજન પણ આ કાર્યક્રમ અંતર્ગત રંગદ્વાર પ્રકાશન દ્વારા યોજવામાં આવ્યું છે.

સાહિત્યના રસિકો અને ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે વિશ્વગ્રામ તરફથી નિમંત્રણ પાઠવ્યું છે.

## અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચનું સ્નેહમિલન રવિવારે

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારા યુવા પસંદગી મેળો, સ્નેહ મિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

પંચના પ્રમુખ લાલુસિંહ શિવરામભાઈ ચાવડાએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે કાર્યક્રમ આગામી તારીખ ૨૭ નવેમ્બર ને રવિવારના રોજ વાસણા (મ્યુ.) પાર્ટી પ્લોટ, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. સૌ સમાજજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# જીવનમાં આવી પડેલી આપત્તિ અને આત્મશ્રદ્ધા

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. એ સમયે આધુનિક સંચાર માધ્યમો પ્રાપ્ય ના હતા. એક બેન્ક અધિકારી હતા. સન્નિષ્ઠા અને કાર્યનિષ્ઠ. પ્રમાણિક અને મહેનતુ. પોતાના કાર્યમાં હંમેશા બેન્કનું અને ગ્રાહકોનું હિત પહેલા જુએ. કોઈ અગમ્ય કારણસર બેન્કે એ અધિકારીને સસ્પેન્ડ કર્યા. બેન્કની કાર્યવિધિ મુજબ કોઈ કર્મચારી સસ્પેન્ડ થાય એટલે તેના ઉપર કોર્ટની જેમ જ કાર્યવાહી થાય. કાર્યવાહી પૂરી થયા પછી જો તે નિર્દોષ જાહેર થાય તો બા-કાયદા એ કર્મચારી પોતાની નોકરીમાં પરત આવે. દોષિત જાહેર થાય તો જે સજા થાય તે ભોગવવી પડે. સજાની પારાકષ્ટા એટલે બૅંકમથી તેની હાકલપટ્ટી. આ સજા થાય તો તેને બેન્ક ફરજિયાત છોડવી પડે. સસ્પેન્ડ થાય પછી ચુકાદો ના આવે ત્યાં સુધી કર્મચારી બેન્કમાં ફરજ ના બજાવી શકે અને એને ઘેર બેસવું પડે.

સસ્પેન્ડ થયેલા એ અધિકારીએ પોતે સસ્પેન્ડ થયા છે એવી વાત પોતાને ઘેર ના કરી. સસ્પેન્ડ થયા પછી પણ તે રોજની જેમ બેન્કે જવાના સમયે તૈયાર થાય અને પોતે બેન્કે જાય છે એવું કહી ને ઘેરથી નીકળી પડે. આખો દિવસ લાયબ્રેરીમાં, મંદિરમાં, સેવાભાવી સંસ્થામાં સમય વિતાવે અને સાંજે બેન્કેથી પરત આવવાના સમયે ઘેર આવે. આવું લગભગ એકાદ વર્ષ ચાલ્યું. આ સમય દરમ્યાન તે અધિકારીએ પોતાના સહકર્મચારીઓ સાથેના સામાજિક વ્યવહારો અને સંબંધો સ્થગિત કરી દીધા હતા જેથી કરીને કોઈ સહકર્મચારી પોતાના કુટુંબીજનોને પોતાના સસ્પેન્શન બાબતે જાણ ના કરે. જે બે-ચાર સહકર્મચારીઓ પોતાના એકદમ અંગત મિત્રો હતા તેઓને પોતે વિશ્વાસમાં લઈ લીધા હતા. એકાદ વર્ષ પછી તે અધિકારી ઉપરની બેન્કની કાર્યવાહી પૂરી થઈ અને તે નિર્દોષ સાબિત થયા. જે હોદ્દા ઉપરથી તેને સસ્પેન્ડ કર્યા હતા તે જ હોદ્દા ઉપર અને તે જ શાખામાં તેમને ફરજ ઉપર પરત લીધા. એ બેન્ક અધિકારી પણ જાણે કશું બન્યું જ નથી એવી રીતે જ વ્યવહાર કરવા લાગ્યા ને અંતે ઘીના ઠામમાં ઘી ભળી ગયું અને સહુ સારાવાના થઈ ગયા.

આ ઘટના વિષે જાણ્યા પછી આપણાં મનમાં અનેક પ્રશ્નો ઊઠે. જેવા કે, તે બેન્ક અધિકારીના જીવનમાં આટલી મોટી ઘટના કે દુર્ઘટના બની તેની જાણ તેના કુટુંબીજનો ને શા માટે ના કરી? શા માટે એ ઘટના છુપાવી તેના કુટુંબીજનોથી? એક વર્ષના લાંબા ગાળા દરમ્યાન તેના કુટુંબીજનોને એ વાતની જાણ થઈ ગઈ હોત તો? પોતે દોષિત ઠર્યા હોત અને નોકરીમાંથી બરતરફ થયા હોત તો?



આ બધા જ પ્રશ્નો અને ઘટના વિષે તે અધિકારી સાથે વાર્તાલાપ કર્યા પછી એ અધિકારીએ જે સ્પષ્ટતાઓ કરી તે ઘણી રસપ્રદ હતી.

બેન્ક અધિકારીના જીવનના મૂલ્યો ખૂબ ઊંચા હતા. ઈમાનદારી, પ્રમાણિક્તા, પોતાના કાર્યો પ્રત્યેની નિષ્ઠા, સખત મહેનત, પોતાના થકી કોઈને પણ ક્યારેય નુકશાન ના થાય તેની સતત ખેવના, સત્યને હંમેશા વળગી રહેવું, અસત્યનો ક્યારેય પક્ષ ના લેવો અને ઈશ્વર ઉપરની અતૂટ શ્રધ્ધા. આ પ્રકારના ઉચ્ચ મૂલ્યોને જીવનમાં ઉતારવાને કારણે પોતે ક્યારેય કોઈ જ પ્રકારના ખોટા કાર્યો કર્યા ન હતા. પોતાના સહકર્મચારીઓ અને મિત્રવર્તુળમાં પણ એ અધિકારીની એવી જ છાપ હતી. આ બધા જ કારણોસર તે અધિકારીને આત્મવિશ્વાસ હતો કે પોતે ખોટું કર્યું નથી એટલે પોતાનો કોઈ વાળ પણ વાંકો કરી શકશે નહીં. પોતે એવું માનતા હતા કે પોતે સસ્પેન્ડ થયા ત્યારે પોતાનો સમય ખરાબ ચાલતો હશે અથવા તો પોતાના કમનસીબ એટલે પોતે ખોટી રીતે ફસાઈ ગયા. પણ એ અધિકારીનો આત્મવિશ્વાસ એટલો દ્રઢ હતો ને પોતાને ખાતરી હતી કે પોતે નિર્દોષ સાબિત થશે અને અચાનક સર્જાયેલી વિપરિત પરિસ્થિતીમાંથી પોતે હેમખેમ બહાર આવશે.

પોતે નોકરીમાંથી સસ્પેન્ડ થયા છે એ વાતની કુટુંબીજનોને જાણ કરી હોત તો પહેલી વાત તો એ હતી કે તેના કોઈ જ કુટુંબીજન આ વાત સાચી છે એવું કોઈ માને નહીં. વાત જો સાચી જ છે એવું માને તો તેનો આઘાત કોઈ જ કુટુંબીજન સહન ના કરી શકયા હોત. પરિણામ સ્વરૂપે કાં તો ઘેરા આઘાતથી કોઈ કુટુંબીજને પોતાનો જીવ ગુમાવ્યો હોત અથવા તો તેઓની તબિયતને મોટું નુકશાન થયું હોત. સર્વે કુટુંબીજનોને એ અધિકારીમાં એટલો વિશ્વાસ હતો કે તે ક્યારેય કશું ખોટું કરે જ નહીં. આવા વિશ્વાસને કારણે એવું બને કે તેના કુટુંબીજનો બૅંક ની ખોટી કાર્યવાહી સામે કાનૂની જંગ લડવા માટે એ અધિકારીને મજબૂર કરે. આમ તે અધિકારી પોતાની દુર્ઘટના કુટુંબીજનોથી છુપાવીને પોતાના કુટુંબને મોટી દુર્ઘટનામાંથી બચાવવા માંગતા હતા.

અધિકારીના કુટુંબીજનોને જો ઘટનાની જાણ થઈ હોત તો તેના અન્ય મિત્રો, સ્નેહીઓ, સ્વજનો કે સગા-વહાલાઓને પણ પોતે સસ્પેન્ડ થયા એ વાતની જાણકારી થઈ જાત. આવું થાય તો પોતાની માનહાનિ થાય, પોતાની આબરૂ જાય, પોતાના ચારિત્ર્ય કે પ્રમાણિક્તા સામે કોઈ આંગળી ચીંધે, પોતાની ખોટી રીતે બદનામી થાય, પોતાના કૌટુંબિક કે સામાજિક વ્યવહારોમાં મુશ્કેલી પડે અથવા તો ખોરવાઈ જાય એવા પણ ભયસ્થાનો હતાં. આ બધું થાય તો પોતાના કુટુંબીજનો સ્વાભાવિક રીતે જ સહન ના કરી શકે. આવું થાય એટ્લે પોતાના કુટુંબીજનોને સ્નેહીઓ, સ્વજનો કે સગાવહાલા સથે સંઘર્ષમાં ઊતરવું પડે. પરિણામે તે લોકો સાથેના સંબંધોમાં તીરાડો પડે. પોતાના કોઈ પણ પ્રકારના સંબંધો બગડે એ તો પેલા અધિકારીને કોઈ પણ સંજોગોમાં પાલવે એમ ના હતું કારણકે તે પોતે સંબંધો નિભાવવામાં માનતા હતાં.

કોઈ પણ વ્યક્તિના જીવનમાં વ્યક્તિગત મૂલ્યો ખૂબ જ મહત્વના હોય છે. વ્યકિતના જીવનમાં બચપણથી જ સીંચાયેલા જીવનમૂલ્યો થકી જ વ્યકિતનું પોતાનું ઘડતર થયુ હોય છે. એ મૂલ્યોને વળગી રહેવાથી, એ મૂલ્યોનું જતન કરવાથી વ્યક્તિનો આત્મવિશ્વાસ પ્રબળ બને છે. વ્યક્તિએ પોતે કઈ ખોટું કર્યું જ ના હોય અને બદનસીબે ક્યારેક પેલા અધિકારીના જીવનમાં બની એવી ઘટના બની જાય તો તે પોતાના આત્મવિશ્વાસ થકી મુશ્કેલીઓમાંથી હેમખેમ બહાર નીકળી જાય છે. આત્મવિશ્વાસ કે આત્મશ્રધ્ધા હોય તો મિત્રો, સ્નેહીઓ, કુટુંબીજનો અને મિત્રોનો તો સાથ સહકાર મળે જ છે પણ સાથે સાથે ઈશ્વરની પણ કૃપા કે આશીર્વાદ વરસે છે.

વ્યક્તિએ પોતે જતન કરેલા કે સિંચેલા મૂલ્યોનું વ્યક્તિને પોતાને ગૌરવ હોય છે. એ જ મૂલ્યો વ્યક્તિને બહેતર જીવવા માટે પ્રેરણા આપે છે. નસીબ ક્યારેક વ્યક્તિની કસોટી કરવા માટે તેને મુશ્કેલીમાં મૂકે છે. એવા સમયે વ્યક્તિ જો ચલિત થઈ જાય, હારી જાય, પોતાના સિંચેલા કે જતન કરેલા મૂલ્યોને ત્યજી દે અથવા તો પોતાનો આત્માવિશ્વાસ ગુમાવી દે તો, વ્યકિત એ સર્જાયેલી મુશ્કેલીઓમાંથી કદાચ બહાર ના આવી શકે. પેલા અધિકારીને આવી પડેલી મુશ્કેલીઓ જેવી અથવા તો અન્ય પ્રકારની કોઈપણ મુશ્કેલીઓ વ્યક્તિના જીવનમાં આવી શકે છે. એવી પરિસ્થિતિમાં વ્યક્તિના પોતાના કુટુંબીજનો, મિત્રો, સ્નેહીઓ કે સગાવહાલાઓ સાથેના સંબંધોનો પણ ક્યાલ રાખવો પડે, કારણ કે કાચ જેવા સંબંધોમાં ક્યારે, કયા કારણસર તિરાડ પડી જાય એ કહેવાય નહીં.

પેલા અધિકારી આ બધી જ પરિસ્થિતિઓ અને તેના અપેક્ષિત પરિણામોનો વિચાર કરીને, મૂલ્યોનું જતન કરીને, આત્મવિશ્વાસને જરા પણ ડગાવ્યા વિના, સંબંધોમાં ક્યાંય હાનિ ના પહોંચે એની કાળજી રાખીને, ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા રાખીને, આવી પડેલી વિકટ મુશ્કેલીને પાર કરી ગયા.

જીવનમાં આવી પડેલી વિકટ આપત્તિ સમયે ધીરજ રાખીને પરિસ્થિતિને સાંભળી લેવામાં જ વ્યક્તિના જીવનની સાર્થકતા છે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું મધુરું બાળપણ’**